# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન-૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : deo-bav@gujrat.gov.in, deobhavnagar@gmail.com

ક્રમાંક:સી.પી.એફ/૨૦૧૯/206-347 અગત્યનુ તા.૧૭/૦૬/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિ.ભાવનગર ભાવનગર.

વિષય:- બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓના નવ વર્ધિત પેન્શન યોજનાઓની દરખાસ્તો બાબત.

સંદર્ભ:- નિયામકશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:-ધ/માધ્યમિક/પી.એફ-૨/૨૦૧૯/૧૬૦૯૩-૧૬૧૨૭, તા.૧૩/૦૬/૨૦૧૯.

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓના નવ વર્ધિત પેન્શન યોજનાઓની દરખાસ્તો બાબતે વાંધામાં પરત મોકલવી ન પડે અને ઝડપથી કર્મચારીઓને કાયમી પેન્શન નંબર (PPAN NO.) ફાળવણી થઇ શકે તે માટે નીચેની સુચના મુજબની કાર્યવાહી ચોકસાઈ પૂર્વક કરવા જણાવવામાં આવે છે.

- દરખાસ્ત એક જ ફાઈલમાં બે બંચમાં બનાવી બે નકલમાં ફાઈલ રજુ કરવી. કર્મચારી વાઈઝ ફાઈલ અલગ-અલગ રજુ કરવી. આ સાથે સામેલ ચેકલીસ્ટ પત્રક-એ મુજબ.
- કર્મચારીની વિગત દર્શાવતું પ્રમાણપત્ર સામેલ કરવું. આ સાથે સામેલ પ્રમાણપત્ર નંબર.૧ મુજબ.
- નવી પેન્શન યોજનાની શરતો લાગુ પડવા અંગે પ્રમાણપત્ર સામેલ કરવું. આ સાથે સામેલ પ્રમાણપત્ર નંબર.૨ મુજબ.

<u>C.S.R.F ફોર્મ બાબતે નીચે મુજબની વિગતો ધ્યાને લેવાની રહેશે.:</u>

- C.S.R.F ફોર્મમાં Mandatory (×) નિશાન હોય તે તમામ વિગત દર્શાવી ફરજીયાત છે.
- પરિશિષ્ટ-૨(ક)માં તથા C.S.R.F ફોર્મમાં કમર્ચારીની નિમણુંક તારીખમાં નિયમિત પગાર ધોરણમાં આવ્યાની તારીખ દર્શાવવી.
- સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૬/૦૫/૨૦૦૯ના ઠરાવ ક્રમાંક:એનપીએન/૧૦૨૦૧૩/શ/૨૩/૫ મુજબ નોમિનેશન દર્શાવવું.
- નિયમિત પગારધોરણના હુકમની નકલ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરાવી સામેલ રાખવી.

Scanned by CamScanner

- નિયત કરેલ જગ્યાએ કર્મચારીએ સહી કાળી પેનથી કરવી.
- C.S.R.F ફોર્મમાં ક્રમ નંબર ૧૦ અને ૧૧ √ ની નિશાની અવશ્ય કરવી.
- C.S.R.F ફોર્મમાં ક્રમ નંબર ૨માં પાનકાર્ડ નંબર તેમજ આધાર નંબર લખવો.
- C.S.R.F ફોર્મમાં ક્રમ નંબર ૧માં SPOUSEની વિગત જે દર્શાવેલ હોય તે જ વિગત C.S.R.F ફોર્મમાં ક્રમ નંબર ૮માં દર્શાવવી.

આ ઉપરાંત અનુભવે જણાયેલ છે કે કર્મચારીને પાંચ વર્ષ પૂર્ણ થયે પુરા પગારમાં સમાવ્યા પછી લાંબા સમય બાદ દરખાસ્તો અત્રેની કચેરી ખાતે રજુ કરવામાં આવે છે. જેને કારણે સમયમર્યાદામાં કર્મચારીને કાયમી પેન્શન નંબરની (PPAN NO.) ફાળવણી થઇ શકતી નથી. જેથી કર્મચારીની કપાત કરવા અંગેના પ્રશ્નો ઉભા થાય છે. આમ ના બને તે માટે શાળા કક્ષાએથી કર્મચારીને પુરા પગારમાં સમાવ્યા બાદ તરતજ અત્રેની કચેરી ખાતે દરખાસ્ત રજુ કરવા આથી આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે. આપની શાળા ખાતે આવી કોઈ દરખાસ્ત પેન્ડીંગ હોય તો તાત્કાલિક મોકલી આપવી. અને હવે પછી કર્મચારીને પુરા પગારમાં સમાવ્યા બાદ બની ત્વરાએ તાત્કાલિક દરખાસ્ત અત્રેની કચેરી ખાતે રજુ કરવામાં આવશે નહિ તો તે અંગે ખુલાસો માંગવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

બિડાણ:-

૧. ચેકલીસ્ટ પત્રક-એ
૨. પ્રમાણપત્ર નંબર-૧
3. પ્રમાણપત્ર નંબર-૨

Scanned by CamScanner

[illegible] A

| નવ વર્ધિત પેન્શન યોજના દરખાસ્ત કરવા માટેનું ચેકલીસ્ટ<br>કર્મચારીનું નામ:— હોદ્દો:—<br><br>શાળાનો પ્રકાર:— <u>ગ્રાન્ટેડ</u> દરખાસ્ત શીરીયલ નંબર:— | કર્મચારીનો ફોટો |
|---|---|

| ક્રમ | <u>બંચ—૦૧</u> | પાન નંબર |
|---|---|---|
| ૧ | ફોરવર્ડીંગ લેટર (કર્મચારીનું નામ—શાળા—દરખાસ્ત ક્રમ નંબર દર્શાવવો) | |
| ૨ | નિયત ફોટાવાળુ ચેકલીસ્ટ પ્રમાણિત કરીને સામેલ રાખવુ. | |
| ૩ | એનેક્ષર—૨—K (અંગ્રેજીમાં) ૧ નકલમાં (જેમાં કચેરી ખાતેનો દરખાસ્તનો સીરીયલ નંબર આપવો.) | |
| ૪ | કર્મચારીનું સીસીસી પરીક્ષા પાસ અંગેનું પ્રમાણપત્ર અને પાસ કરેલ ન હોય તો આચાર્યનું પ્ર.પત્ર | |
| ૫ | કર્મચારી સામે સુચિત ,પડતર કે બાકી કોઈ તપાસ નથી તે બાબતનું આચાર્ય—સંચાલક મંડળનું સંયુક્ત પ્રમાણપત્ર સામેલ રાખવું. | |
| ૬ | શાળા ગ્રાન્ટેડ છે તે મતલબનો આધાર સામેલ રાખવાનો રહેશે. | |
| | <u>બંચ—૦૨</u> | |
| ૧ | એનેક્ષર—૨—K (અંગ્રેજીમાં) નકલ—૩માં (જેમાં કચેરી ખાતેનો દરખાસ્તનો સીરીયલ નંબર આપવો.) + CSRF ફોર્મ(૨ નકલ) | |
| ૨ | કર્મચારીની નિમણુંક પાંચ વર્ષ પછી નિયમિત કર્યાના આદેશથી પ્રમાણિત નકલ સામેલ રાખવી | |
| ૩ | S -5 ફોર્મ (૧ નકલમાં) | |
| ૪ | કર્મચારીની સહી સાથેના પરિશિષ્ટ(૧,૨, ૨ક અને ૩) સામેલ રાખવા. (૧ નકલમાં) | |
| ૫ | એન.ઓ.સી તથા કામચલાઉ બહાલીની આદેશની પ્રમાણિત નકલ સામેલ રાખવી | |
| ૬ | કર્મચારીની કાયમી બહાલી/ખાતાંકીય ઓડીટના હેતુસર બહાલી પ્રમાણિત કરવા અંગેની નકલ સામેલ રાખવી | |
| ૭ | કર્મચારીનું પાનકાર્ડ,ચુંટણી કાર્ડ તથા આધાર કાર્ડની પ્રમાણિત નકલ | |
| ૮ | કર્મચારીના બેંકનો રદ્દ કરેલ અસલ ચેક/અથવા બેંક પાસબુકની વંચાય તેવી પ્રમાણિત નકલ | |
| ૯ | કર્મચારીની વિગત જેવીકે દાખલતારીખ,પગાર ધોરણ,પગારબીલ એમ્પ.નંબરની વિગતો સેવાપોથી સાથે ખરાઈ કર્યા અંગે આચાર્યશ્રીનું પ્રમાણપત્ર <u>(નિયત નમુના મુજબ મુજબ પ્રમાણપત્ર નં.૦૧ સામેલ છે.)</u> | |
| ૧૦ | નાણાં વિભાગનાતા.૧૮—૦૩—૨૦૦૫ અને ૦૬—૦૯—૨૦૦૫ના ઠરાવ અંગે નવી પેન્શન યોજનાની શરતો લાગુ પડવા અંગે આચાર્યશ્રીનું પ્રમાણપત્ર <u>(નિયત નમુના મુજબ મુજબ પ્રમાણપત્ર નં.૦૨ સામેલ છે.)</u> | |

જિલ્લા શિક્ષણાધિકારી સહી—સિકકો

D:\cpf\IEDSS- CPF Acc\cpf cheqe list.docx

આચાર્ય સહી—સિકકો

Scanned by CamScanner

## પ્રમાણપત્ર નં.૦૧

કર્મચારીનં. વિગત જેવી કે દાખલ તારીખ,પ.ધોરણ,એમ્પ.નંબર,ની વિગતો સેવાપોથી સાથે ખરાઈ કર્યા અંગેનું પ્રમાણપત્ર:-

આથી પ્રમાણપત્ર લખી આપવામાં આવે છેકે શ્રી........................... આ શાળામાં તા...............થી મુળ પગાર રૂ................, પગાર ધોરણ.................................માં હોદ્દો..............................માં ફરજ બજાવે છે. તેમનો પગારબીલ એમ્પલોયી નંબર.....................છે. તેઓ સીધા પગાર યોજનાના કર્મચારી છે.સદર કર્મચારી માટેના નવ વર્ધિત પેન્શન યોજનાના એકાઉન્ટ નંબર માટેનું C.S.R.F. ફોર્મની સઘળી વિગતો યોગ્ય અને સાચી ભરવામાં આવી છે. જેની સર્વિસબુક સાથે અમોએ ખરાઈ કરેલ છે. વધુમાં C.S.R.F. ફોર્મની તમામ એન્ટ્રીઓ થી કર્મચારીને માહિતગાર કરવામાં આવ્યા છે.

સ્થળ:-

તારીખ:-

આચાર્યની સહી

કર્મચારીની સહી

---

## પ્રમાણપત્ર નં.૦૨

નાણાં વિભાગના તા.૧૮-૩-૨૦૦૫ અને ૦૬-૦૯-૨૦૦૫ના ઠરાવ અંગે નવી પેન્શન યોજનાની શરતો લાગુ પડવા અંગે આચાર્યશ્રીનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર લખી આપવામાં આવે છે કે અમારી શાળા ..............................................માં શ્રી........................................................... હોદ્દો...........................તરીકે ફરજ બજાવે છે. તેમને નાણાં વિભાગના તા.૧૮-૩-૨૦૦૫ અને ૦૬-૦૯-૨૦૦૫ના ઠરાવ અનુસાર નવી પેન્શન યોજનાની શરતો લાગુ પડે છે.

સ્થળ:-

તારીખ:-

આચાર્યની સહી

કર્મચારીની સહી

Scanned by CamScanner